# ★ અહાદીષે શફાઅત ★
# [શફાઅતના વિષયમાં ૪૦ હદીષો]

આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ ને શફાઅતના વિષે સવાલ કર્યો, જેના જવાબમાં હઝરતે કુર્આન અને હદીષોથી દલીલપૂર્ણ જે સચોટ જવાબ આપ્યો છે તે કુર્આને કરીમ અને ચાલીસ હદીષો સાથેનો ફત્વો "હદીષે શફાઅત" નામે પ્રગટ થયો છે, જેને ગુજરાતી જાણનાર ભાઈઓ માટે રજૂ કરવાની અલ્પ કોશિશ કરી રહ્યો છું.

**સવાલ** : શું ફર્માવે છે ઉલ્માએ દીન આ મસ્અલામાં કે "નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના શફીઅ (શફાઅત કરનાર) હોવા બાબત કઈ હદીષોથી સાબિત છે ?

**જવાબ** : બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

اَلْحَمْدُ لِلّٰهِ الْبَصِيْرِ السَّمِيْعِ ؛ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلَى الْبَشِيْرِ الشَّفِيْعِ ؛ وَعَلٰى
اٰلِهٖ وَصَحْبِهٖ كُلَّ مَسَاءٍ وَّسَطِيْعٍ ؛

સુબ્હાનલ્લાહ ! મુસલમાન અને તે પણ સુન્ની હોવાના દાવેદાર જ્યારે આવા સ્પષ્ટ અકીદામાં શક–વહેમ ધરાવે ત્યારે ખૂબ જ આશ્ચર્ય થાય છે.

આ પણ કયામતની નજીકની નિશાનીઓમાંની એક નિશાની છે. ઈન્નાલિલ્લાહિ.... સેંકડો સહાબા, તાબઈન, હજારો મુહદ્દિસો અને ઉલમાએ કિરામથી એની રિવાયતો, હદીષોની તમામ કિતાબોમાં એ બાબત ભરપૂર રિવાયતો છે. એહલે સુન્નતના તમામ ભાઈઓ, બહેનો, પઢેલા, અનપઢ તમામ આ અકીદાથી જાણકાર છે. અલ્લાહનો દીદાર અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅત વિષે મુદ્રસાના બાળકો પણ ઈલ્મ ધરાવે છે.

صلی اللہ تعالیٰ علیہ وسلم, વ બારક વશર્રફ, વમજ્જદ વ કર્રમ.

ફકીરે (અલ્લાહ મને માફ ફર્માવે ! એટલે ઈમામ અહમદ





રઝાએ) શફાઅતના વિષયમાં લખેલા રિસાલા જેનું નામ છે શફાઅતના વિષયમાં ૪૦ હદીષોમાં ખૂબ જ વિસ્તૃત રીતે હદીષો અને ઉલમાના ફર્માનો સાથે આ બાબત બયાન કરી છે. અહીં ફતવાનો જવાબ ખૂબ ટૂંકાવી ફકત ચાલીસ હદીસો તે પણ સંક્ષિપ્ત રીતે અને થોડીક કુર્આની આયતો રજૂ કરું છું.

**આયત નં. ૧** : અલ્લાહ તઆલા ફર્માવે છે :–

قَالَ اللّٰهُ تَعَالٰى :۔ عَسٰٓى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا ۝ (સૂરએ બની ઈસ્રાઈલ, પારો–૧૫) અર્થાત : ઘણો જ જલ્દીમાં તમારો પરવરદિગાર તમને મકામે મહમૂદમાં મોકલશે (આપશે).

બુખારી શરીફમાં છે કે, હુઝૂર સય્યેદિલ મુર્સલીન શફીઉલ મુઝનેબીન صلی اللہ تعالیٰ علیہ وسلم થી પૂછયું, યા રસૂલલ્લાહ ! મકામે મહમૂદ શું છે ?

આપે ફર્માવ્યું : "એ શફાઅત છે."

**આયત નં. ૨** : અલ્લાહ તઆલા ફર્માવે છે :

قَالَ اللّٰهُ تَعَالٰى : وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ؕ (સૂરે દોહા, પારો–૩૦) ઘણો જ જલ્દી તમારો પરવરદિગાર તમોને એટલું આપશે કે તમે ખુશ થઈ જશો.

દયલમી મુસ્નદુલ ફિરદૌસમાં હઝરત અમીરૂલ મો'મેનીન અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે કે, જ્યારે આ આયત ઉતરી ત્યારે હુઝૂર શફીઉલ મુઝનેબીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જ્યારે કે અલ્લાહ તઆલા મને રાઝી (ખુશ) કરવાનો વાયદો ફર્માવે તો હું રાઝી જ નહીં થાઉં ત્યાં સુધી કે મારો એક ઉમ્મતી પણ દોઝખમાં હશે. અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ વ બારિક અલૈહ.

તિબરાની, અવસત અને બઝાર મુસ્નદમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી આ પ્રમાણે રિવાયત કરે છે કે, "હું મારી ઉમ્મતની શફાઅત કરીશ ત્યાં સુધી કે, મારો પરવરદિગાર મને અવાજ આપશે

"અય મુહમ્મદ ! શું તુ રાઝી થઈ ગયો ?" હું વિનંતી કરીશ, અય મારા પરવરદિગાર ! હું રાઝી થઈ ગયો.

**આયત નં. 3 :** قَالَ اللّٰهُ تَعَالٰى: وَاسْتَغْفِرْ لِذَنْۢبِكَ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ

(પારા–૨૬, સૂરએ મુહમ્મદ)

**અર્થાત :** (અય હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم) મુસલમાન મરદો અને અવરતોના ગુનાહ મારાથી માફ કરાવો."

શફાઅત કોનું નામ છે ? (ગુનાહો માફ કરાવવાનું નામ શફાઅત છે.)

**આયત નં. ૪ :** અલ્લાહ તઆલા ફર્માવે છે :

قَالَ اللّٰهُ تَعَالٰى: وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا
اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ

(પારો–૫, સૂરએ નિસાઅ)

**અર્થાત :** જો એઓ પોતાની જાત પર જુલમ કરે અને તારી પાસે આવે અને અલ્લાહથી માફી માંગે અને તુ પણ (અય મેહબૂબ) એમના માટે બખ્શિશની દુઆ કરે તો બેશક ! અલ્લાહને તૌબા કબૂલ કરનાર અને મહેરબાન જોઈશ.

આ આયતમાં મુસલમાનોને હુકમ આપ્યો કે તમારાથી ગુનાહ થઈ જાય તો મારા હબીબની બારગાહમાં હાજર થઈ તેમનાથી શફાઅતની વિનંતી કરો, તેઓ તમારી જરૂર શફાઅત કરશે અને હું જરૂર તમારા ગુનાહો માફ કરી લઈશ.

**આયત નં. ૫ :** અલ્લાહ તઆલા ફર્માવે છે,

قَالَ اللّٰهُ تَعَالٰى: وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا
يَسْتَغْفِرْ لَكُمْ رَسُوْلُ اللّٰهِ لَوَّوْا رُءُوْسَهُمْ





(પારો–૨૮, સૂરએ મુનાફેકૂન) જ્યારે એ મુનાફિકને કહેવામાં આવે છે કે, આવો ! રસૂલુલ્લાહ તમારી બખ્શિશ માંગે, તો એઓ પોતાના મોઢાં ફેરવી લે છે.

આ આયતમાં મુનાફિકોના ગંદા દિમાગોના ખયાલાતને જાહેર કરવામાં આવ્યા છે કે તેઓ હુઝૂર શફીઉલ મુજનબીં صلی اللہ تعالیٰ علیہ وسلم થી શફાઅત (બખ્શિશ) મેળવવાનું પસંદ નથી કરતા.

ફલિત થયું કે જેઓ આજે શફાઅત નથી ચાહતા, કાલે નહીં મેળવે અને જે કાલે નહીં મેળવે તે કશું જ નહીં મેળવી શકે.

અલ્લાહ તઆલા દુનિયા–આખેરતમાં અમને સરકારની શફાઅત નસીબ ફર્માવે.

**હશ્રમેં હમ ભી સૈર દેખેંગે**
**મુન્કર આજ ઉનસે ઈલ્તેજા ન કરે**

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى شَفِيْعِ الْمُذْنِبِيْنَ وَاٰلِهٖ وَصَحْبِهٖ وَحِزْبِهٖ اَجْمَعِيْنَ ۰

# ★ હદીષો ★

શફાઅતે કુબ્રા (મહાન શફાઅત)ની હદીષો કે જેનામાં સ્પષ્ટ વર્ણનો આવ્યાં કે મેહશરનો દિવસ એટલો લાંબો હશે કે પૂરો જ ન થાય. વળી, સૂર્ય માથાઓ ઉપર ખૂબ નઝદીક, દોઝખ સૌની નજીક, તે દિવસે સૂર્યમાં ગરમી એટલી કે દશ વર્ષની પૂરી ગરમીને ભેગી કરીએ તો એટલી થાય. વળી, સૂરજને માથાઓથી થોડાક અંતરે લાવીને મૂકવામાં આવશે. તરસની એ હાલત કે ખુદા ન દેખાડે. કયામતની અતિ અસહ્ય ગરમી કે તેનાથી ખુદા બચાવે. બેહિસાબ પાણી જેમ નીકળતો પરસેવો કે, પરસેવો કેટલાય ગજ જમીનમાં પ્રવેશી જમીન તરબોળ થયા પછી ઉપર ચઢશે. ત્યાં સુધી કે ગળાડૂબ હશે. નાવડીઓ ચલાવવી હોય તો તરી શકે, લોકો એમાં ડૂબવા લાગશે. ગભરાહટમાં કલેજાં ઉપર આવશે. લોકો આ મહા મુસીબતથી

તંગ આવી પોતાને બચાવનાર શફીઅની બારગાહોમાં એક પછી એક હાજરી આપી વિનવણી કરશે. બધેથી સ્પષ્ટ જવાબ મળશે, આજે અમારી હિંમત નથી, એ અમારો મર્તબો નથી. અમારાથી એ કામ નહીં થાય, નફસી–નફસી, તમે બીજી જ બારગાહમાં જાઓ. ત્યાં સુધી કે સૌની પાસેથી નાસીપાસ ફરી છેલ્લે હુઝૂર ખાતેમુન્નબીયીન, શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થશે. હુઝૂર અના–લહા, અના–લહા, એટલે શફાઅત માટે હું છું, હું છું. પછી પોતાના રબ્બે કરીમ મહેરબાન પરવરદિગારની બારગાહમાં હાજર થઈ સિજદો કરશે. એમનો પરવરદિગાર હુકમ ફર્માવશે, યા મોહમ્મદ ! આપ આપનું માથુ મુબારક સિજદાથી ઉઠાવો, કહો ! તમારી અરજ સાંભળવામાં આવશે, માંગો ! જરૂર અતા કરવામાં આવશે અને શફાઅત કરો, તમારી શફાઅત કબૂલ કરવામાં આવશે.

આ જ મકામે મેહમૂદ હશે, જયાં તમામ અવ્વલિન–આખરિનના સમક્ષ હુઝૂરની હમ્દો–ષના–તાઅરીફની ધૂમ મચી જશે અને તમામ ઉપર એ વાત સ્પષ્ટ જાહેર થઈ જશે કે, બારગાહે ઈલાહીમાં જે ઈજ્જત, માન, મર્તબો અમારા આકાનો છે તેવો કોઈનો નથી ! વલ હમ્દુ લિલ્લાહિ રબ્બીલ આલમીન.

સરકાર અબદ કરારનો મર્તબો લોકો સમક્ષ જાહેર કરવા માટે જ, અલ્લાહ તઆલા લોકોના દિલોમાં એ વાત નાંખે કે તે પ્રથમ બીજા નબીઓ–રસૂલોની બારગાહમાં શફાઅતની વિનંતી માટે જાય અને ત્યાંથી નાસીપાસ થઈને સરકારે દો આલમ રહમતે આલમની બારગાહમાં હાજર થાય. જેથી બધા જ જાણી લે શફાઅતનો મહાન હોદ્દો તો આ જ બારગાહે આલીને આપવામાં આવેલો છે. શફાઅતનો દરવાજો ખોલવાની એમના સિવાય કોઈ હિંમત કરી શકે નહીં.

વલ્ હમ્દો લિલ્લાહે રબ્બિલ્ આલમીન.

ઉપરોકત બાબતની હદીસો બુખારી, મુસ્લિમ વગેરે હદીસોની કિતાબોમાં સ્પષ્ટ રીતે બયાન થએલી છે જ. વળી,





મુસલમાનોમાં ખૂબ જ મશહૂર છે. જેને શક વહેમ હોય તે જો થોડું પણ પઢેલો હોય તે મિશ્કાત શરીફનો ઉર્દૂ તર્જુમો મંગાવી પઢી લે અથવા કોઈ મુસલમાનથી પઢાવી લઈ સાંભળી લે. એ હદીષોની છેવાડે એ પણ હુકમ થએલો છે કે આપ સર્વ લોકો માટે (હશ્રની મહામુસીબતથી નજાત અને હિસાબ જલ્દી થવા માટે)ની શફાઅત કરશે, તે પછીથી ગુનેહગારોની બખ્શિશ માટે શફાઅત કરશે. તે પ્રસંગે પણ વારંવાર અલ્લાહ ઉપરોકત કલેમાત જ ફર્માવશે અને હુઝૂર દરેક વખતે અગણિત અલ્લાહના બંદાઓના ગુનાહો માફ કરાવશે. હું (અહમદ રઝા) એ મશહૂર હદીષો સિવાયની ચાલીસ હદીષો લખુ છું જે આમ લોકોએ બહું જ ઓછી સાંભળી હશે. જેને સાંભળી મુસલમાનનું ઈમાન મજબૂત થાય અને ઈન્કાર કરવાવાળાઓનું દિલ ગુસ્સાની આગથી બળીને ખાક થઈ જાય ! ખાસ કરીને આ હદીષોથી તે લોકો કે જે બદદીનો, બાતિલ ખયાલાતવાળાઓએ શફાઅતનો ઈન્કાર કરવા શફાઅતનું જુદી જુદી રીતે અર્થઘટન કર્યું તેમનો રદ થઈ જશે.

આ હદીષોથી સાબિત થઈ જશે કે અમારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم જ શફાઅત માટે નક્કી થઈ ચૂકેલા છે. એમની બારગાહ જ બેકસોની પનાહગાહ છે. એમનો દરબાર જ એક એવો દરબાર છે કે જેને કોઈ સાંભળનાર ન હોય, જેનો કોઈ મદદગાર ન હોય તેમના માટેનું ઠેકાણું છે. એ રીતે નહીં કે એક બદમઝહબે કહ્યું છે કે "અલ્લાહ જિસકો ચાહેગા અપને હુકમસે શફીઅ બના દેગા !"

આ હદીષોથી સ્પષ્ટ થઈ જશે કે અમોને અલ્લાહ અને તેના રસૂલે સાફ સાફ શફાઅત કરનાર "શફીઅ"નું નામ બતાવી દીધું છે. સાફ સાફ ફર્માવ્યું કે તે મોહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જ છે. અલ્લાહ તઆલાએ એ વાત ગોળ ગોળ રાખી હોય તેમ નથી. જેવી રીતે કે એક બદનસીબ કહે છે કે "ઉસીકે (અલ્લાહ) ઈખ્તેયાર પર છોળ દીજીયે જિસકો વોહ ચાહે હમારા શફીઅ કર દે !"

આ હદીષો દિલોને સાંત્વન આપનારી ખુશખબરી આપશે કે હુઝૂરની શફાઅત ફકત તે લોકો માટે જ નથી કે જેમનાથી આકસ્મિક રીતે ગુનોહ થઈ ગયો અને પછી તે તેના ઉપર હર ઘડી પસ્તાતો રહે અને અલ્લાહ તઆલાથી ડરતો રહે. જેવી રીતે કે એક જે દિલોનો ચોર છે તે લખે છે કે, "ચોરની ઉપર ચોરીનો ગુનોહ સાબિત થઈ ગયો, પરંતુ તે હમેશાંનો (આદી) ચોર ન હતો, ચોરીને તેણે પોતાનો ધંધો પણ બનાવેલો ન હતો, પરંતુ નફ્સના ધોકામાં આવી જઈ ગુનોહ કરી નાખ્યો અને તે તેના ઉપર ખૂબ જ પસ્તાવો કરે છે, રાત–દિવસ અઝાબે ઈલાહીથી ડરે છે. (તેના માટે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅત છે.) નહીં ! નહીં ! એમના રબની કસમ ! જેણે શફીઉલ મુઝનબીં બનાવ્યા, એમની શફાઅત તો અમારા જેવા પાપીઓ, ગુનાહોના દરિયામાં ડૂબેલાઓ, નફ્સના ઝાલિમો માટે છે કે જેમનો એક એક વાળ ગુનાહોમાં ગુંથાએલો છે, જેના નામથી ગુનાહને પણ શરમ આવે છે !

**તરશમ આલુદા શવદ–દામને ઈસ્યાં અઝમન**

وَصَلَّى اللهُ تَعَالٰى عَلٰى شَفِيْعِ الْمُذْنِبِيْنَ وَاٰلِهٖ وَصَحْبِهٖ وَحِزْبِهٖ اَجْمَعِيْنَ ۰

**હદીષ નં. ૧ અને ૨ :** ઈમામ અહમદ એમની સહીહ મુસ્નદમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ تعالیٰ عنہما થી અને ઈબ્ને માજહ્માં હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે, શફીઉલ મુઝનબીં صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, "અલ્લાહ તઆલાએ મને એ બાબતનો ઈખ્તેયાર આપ્યો કે, (અય હબીબ !) શફાઅત લો કે પછી તમારી અડધી ઉમ્મત માટે જન્નત." મેં શફાઅત લીધી, કારણ કે એ વધારે પૂર્ણતા સાથે વધુ કામ આવનાર ચીજ છે. શું તમે એમ સમજી લીધું છે કે મારી શફાઅત પાકીઝહ્ નેક મુસલમાનો માટે છે ? ના ! બલ્કે તે લોકો માટે છે કે જેઓ સખ્ત ગુનેહગાર, ગુનાહોમાં ખરડાએલાઓ છે.





અલ્લાહુમ્મા સલ્લિ વસલ્લિમ અલૈહ. વલ્ હમ્દુ લિલ્લાહિ રબ્બિલ્ આલમીન.

**હદીષ નં. ૩ :** ઈબ્ને અદી ઉમ્મુલ મુઅમેનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે કે હુઝૂર શફીઉલ મુઝનબીં صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે "મારી શફાઅત મારા તે ઉમ્મતીઓ માટે છે કે જેમને ગુનાહોએ હલાક કરી દીધા."

હક્ક છે અય મારા શફીઅ. હું આપ પર કુર્બાન !

صلی اللہ تعالیٰ علیہ وسلم

**હદીષ નં. ૪ થી ૮ :** અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને હબ્બાન, હાકિમ અને બયહકી. અનસ બિન માલિકથી (૧) અને તિર્મિઝી, ઈબ્ને માજહ્, ઈબ્ને હબ્બાન અને હાકિમ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (૨) અને તિબરાની મુઅજમે કબીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી (૩) અને ખતીબ બગદાદી હઝરત અબ્દુલ્લાહ બિન ફારૂક (૪) અને હઝરત કઅબ બિન ઉજરા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત કરે છે કે હુઝૂર શફીઉલ મુઝનેબીં ફર્માવે છે કે, "મારી શફાઅત મારી ઉમ્મતના તે લોકો માટે છે કે જે કબીરા ગુનાહ કરવાવાળા છે."

صلی اللہ تعالیٰ علیہ وسلم, વલહમ્દુલિલ્લાહે રબ્બીલ આલમીન.

**હદીષ નં. ૯ :** અબૂ બક્ર અહમદ બિન અલી બગદાદી હઝરત અબૂ દરદાથી રિવાયત કરે છે, હુઝૂર શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે "મારી શફાઅત મારા ગુનેહગાર ઉમ્મતીઓ માટે છે."

અબૂ દર્દા رضی اللہ عنہ એ અરજ કરી કરી "યા રસૂલલ્લાહ ! ભલે પછી તે વ્યભિચારી હોય, ચોર હોય !

આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જવાબમાં ફર્માવ્યું : "ભલે પછી તે વ્યભિચારી હોય, ચોર હોય !" અબૂ દર્દાની ઈચ્છા વિરૂધ્ધ (સરકારે જવાબ આપ્યો.)

**હદીષ નં. ૧૦ થી ૧૧ :** (૧) તિબરાની અને બયહકી હઝરત બુરેદા

(૨) અને તિબરાની મુઅજમે અવસતમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે હુઝૂર શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જમીનના પટ ઉપર જેટલાં ઝાડો, પથ્થરો, ઈંટ, પથ્થર, માટીનાં ઢેફાં છે તે સર્વેથી વધુ હું કયામતના દિવસે માણસોની શફાઅત કરીશ.

**હદીષ નં. ૧૨** : બુખારી, મુસ્લિમ, બયહકી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે, હુઝૂર શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, મારી શફાઅત દરેક કલમો પઢનાર માટે છે કે જે સાચા દિલથી અને જીભથી ગવાહી આપે કે અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી.'' (અહીં કલમો પઢનારથી મતલબ તે છે કે જે સાચા દિલ અને જીભથી ઈકરાર કરી કલમો પઢી મુસલમાન થયો પછી તે મૃત્યુ સુધી કોઈ એક પણ ઈસ્લામી જરૂરી બાબતનો ઈન્કાર ન કર્યો હોય.)

**હદીષ નં. ૧૩** : અહમદ, તિબરાની અને બઝાર હઝરત મઆઝ ઈબ્ને જબલ અને હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે હુઝૂર શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે ''(મારી ઉમ્મતને માટે) શફાઅતમાં વધારે વુસ્અત છે કે તે દરેક માણસ માટે છે કે જેનું મૌત ઈમાન પર થયું હશે.''

**હદીષ નં. ૧૪** : તિબરાની મુઅજમે અવસતમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર શફીઉલ મુઝનબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : ''હું જહન્નમનો દરવાજો ખોલાવી પછી ત્યાંથી જતો રહી પછી અલ્લાહની એવી હમ્દો–સના (તાઅરીફ) કરીશ કે જેવી મારાથી પહેલાં કદી પણ કરી નહીં હોય અને ન મારા પછી કોઈ કરશે. પછી દોઝખમાંથી તે દરેક વ્યકિતને બહાર કાઢી લઈશ જેણે સાચા દિલથી ખુલૂસ સાથે 'લાઈલાહ ઈલ્લલ્લાહ' પઢયું હશે.''

**હદીષ નં. ૧૫** : હાકિમ કંઈક ફાયદામંદ તફાવત સાથે અને તિબરાની અને બયહકી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે; ફર્માવ્યું, હુઝૂર શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે પેગંબરો નબીઓ માટે સોનાના મિમ્બર સજાવવામાં આવશે, તેઓ એના ઉપર





બેસશે અને મારો મિમ્બર ખાલી રહેશે કે હું એના ઉપર બેસીશ નહીં, પરંતુ મારા પરવરદિગારની બારગાહમાં ખૂબ જ આજીજીપૂર્વક રહીશ એ બીકથી (અલ્લાહ તઆલા) કે મને જન્નતમાં મોકલી દે અને મારી ઉમ્મત મારા પછી રહી જાય. હું અરજ કરીશ, યા રબ ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! અલ્લાહ તઆલા ફર્માવશે, અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તારી શી ઈચ્છા છે ? હું તારી ઉમ્મત સાથે શું કરૂં ? અરજ કરીશ, યા રબ ! એમનો હિસાબ જલ્દીથી કરી લેવામાં આવે. બસ ! પછી હું શફાઅત કરતો રહીશ. ત્યાં સુધી કે દોઝખના દરવાજાનો ફરિશ્તો (માલિક) અરજ કરશે, અય મુહમ્મદ ! તમે તમારી ઉમ્મત માટે રબ તઆલાનો અઝાબ (ગુસ્સો) જરાક પણ રહેવા દીધો નથી. (એટલે કે તમામને તમે દોઝખથી બચાવી કાઢી લીધા છે.)

وَحَسْبُنَا اللّٰہُ تَعَالٰی وَنِعْمَ الْوَکِیْلُ ۞ وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَی الشَّفِیْعِ الْجَلِیْلِ ۞
اٰلِہٖ وَصَحْبِہٖ بِاُلُوْفِ التَّبْجِیْلِ ۞ وَالْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ

**હદીષ નં. ૧૬ થી ૨૧** : બુખારી, મુસ્લિમ, નિસાઈ (૧) હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (૨) અને અહમદ સનદ હસન સાથે અને બુખારી તારીખમાં અને તિબરાની બઝાર અને બયહકી તેમજ અબૂનુઈમ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી (૩) અને અહમદ સનદ હસન સાથે તેમ બઝાર જયદ સનદ સાથે અને ઈબ્ને શયબા અને અબૂ યઅલા અને અબૂ નઈમ અને બયહકી હઝરત અબૂઝરથી (૪) અને તિબરાની મુઅજમે અવસતમાં હઝરત અબૂ સઈદ ખુદરીની સનદ સાથે (૫) અને કબીરમાં હઝરત સાઈબ બિન યઝીદ અને અહમદ હસન સનદો સાથે (૬) અને ઈબ્ને શયબા અને તિબરાની હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે, (હઝરત જાબિર رضی اللہ عنہ ની રિવાયત કરેલ હદીષમાં આ મુજબના શબ્દો છે.) આ ઉપરની છ હદીષોમાં આ બયાન થયું છે કે, ફર્માવ્યું : શફીઉલ મુજનબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે,

મને શફીઅ (શફાઅત કરનાર) નક્કી કરી દેવામાં આવ્યો છે

અને શફાઅત ખાસ મને જ મળી છે, મારા સિવાય કોઈ પેગંબરને આ મુકામ નથી મળ્યો.

**હદીષ નં. ૨૨ અને ૨૩ :** ઈબ્ને અબ્બાસ, અબૂ સઈદ અને અબૂ મૂસાથી રિવાયત કરેલી તે હદીષોમાં પણ તે જ વિષય છે કે જે અહમદ અને બુખારીએ હઝરત અનસ અને શયખૈને અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે હુઝૂર શફીઉલ મુજનબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, આમ તો તમામ નબીઓની હજારો દુઆઓ કબૂલ થાય છે પરંતુ દરેકને એક દુઆ ખાસ અર્પણ કરવામાં આવી હોય છે કે, તે ''જે ચાહો તે માંગી લો, બેશક ! આપવામાં આવશે.''

તમામ નબીઓ હઝરત આદમથી લઈ ઈસા علیہ الصلوٰۃ والسلام સુધી તમામે તમામ એ દુઆઓ દુનિયામાં કરી ચૂકયા. પરંતુ તે મેં આખેરત માટે બચાવી રાખી છે અને એ મારી શફાઅત છે મારી ઉમ્મત માટે. કયામતના દિવસે હું મારી ઉમ્મતના તમામને માટે (જેઓનું આ દુનિયાથી ઈમાન સાથે મૃત્યું થયું છે તેના માટે) વાપરીશ. (અબૂ મૂસાની હદીષમાં આટલા શબ્દો વધુ છે કે જે આ દુનિયાથી અલ્લાહ સાથે કોઈ પણ ચીજને શરીક કર્યા વિના ગયો અર્થાત ઈમાન સાથે ગયો.)

અલ્લાહુમ્મ ઝુકના બીજાહિહી ઈન્દક – આમીન.

અલ્લાહ અકબર ! અય ઉમ્મતના ગુનેહગારો ! શું તમે તમારા આકા મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ની કમાલની રહમત અને મહેરબાની તમારા ઉપર ન જોઈ ? કે બારગાહે ઈલાહીમાં હુઝૂરને ત્રણ સવાલ મળ્યા કે જે ચાહો તે માંગી લો, જરૂર આપવામાં આવશે. હુઝૂરે એમાંના કોઈ એક પણ સવાલને પોતાના માટે ન રાખ્યા, બલ્કે એ બધા જ તમારા જ કામ માટે વાપર્યા. બે સવાલ દુનિયામાં કર્યા, તે પણ તમારા જ વાસ્તે. ત્રીજો આખેરત માટે બચાવી રાખ્યો તો પણ તમારી એક મહાન જરૂરત માટે કે જ્યારે એ મહેરબાન આકા, રઉફો રહીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સિવાય કોઈ જ કામ નહીં હોય. صلی اللہ تعالیٰ علیہ وسلم





સાચું જ ફર્માવ્યું અલ્લાહ જલ્લશાનહૂએ. અઝીઝુન ................ રહીમ. (સૂરએ તૌબા)

વલ્લાહિલ અઝીમ ! કસમ તે જાતે પાકની જેણે અમારા ઉપર આપને એટલા મહેરબાન બનાવ્યા કે માતા પોતાની પ્યારી એકલવાઈ અવલાદ પર એટલી મહેરબાન નથી હોઈ શકતી, જેટલા કે આપ એક ઉમ્મતી ઉપર હોય છે. صلی اللہ تعالیٰ علیہ وسلم

ઈલાહી ! તુ અમારી કમજોરી, અશકિત અને એમના મહાન હક્કોને ખૂબ જાણે છે. અય કાદિર ! અય માજિદ ! અમારા તરફથી એમના ઉપર, એમની આલ ઉપર તે બરકતો અને દુરૂદો નાઝિલ ફર્માવ જે એમના હક્કો અને રહમતો માટે કિફાયત કરનાર હોય.

إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ
وَسَيَعْلَمُ الَّذِينَ ظَلَمُوا أَيَّ مُنْقَلَبٍ يَنْقَلِبُونَ
وَلَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيمِ

સુબ્હાનલ્લાહ ! ઉમ્મતીઓએ એમની મહેરબાનીઓનો એ બદલો આપવાનું નક્કી કર્યુ કે કોઈ એમની અફઝલિયતમાં ખામીઓ શોધવા પ્રયત્નો કરે છે તો કોઈ એમની શફાઅતમાં શક, વહેમ નાંખવાની વ્યર્થ કોશિશો કરે છે. કોઈ આપની તારીફ પોતાની જેટલી, જેવી બતાવે છે, તો કોઈ આપની તાઝીમ કરનારાઓ ઉપર ગુસ્સો કરે છે. કોઈ મહોબ્બતના કામોને બિદઅત કહે છે, કોઈ અદબ તાઝીમને શિર્કની સાથે સરખાવે છે.

ઈન્નાલિલ્લાહિ....રાજિઉન. વસયઅલમુલ્લજિન ઝલમુ અય્યમુનકલબીંય યનકલિબૂન.

**હદીષ નં. ૨૪ :** સહીહ મુસ્લિમમાં હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે કે શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને ત્રણ (દુઆ) સવાલ અર્પણ કર્યા, મેં બે દુનિયામાં જ

અરજ કરી લીધા કે ઈલાહી ! મારી ઉમ્મતની મગફેરત ફર્માવ ! ઈલાહી મારી ઉમ્મતની મગફેરત ફર્માવ ! ત્રીજી દુઆ તે દિવસ માટે મેં બચાવી રાખી છે કે જેમાં તમામ મખ્લૂકે મારી તરફ નજરો જમાવી હશે (આશા રાખી હશે.) ત્યાં સુધી કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ الصلوٰۃ والتسلیم પણ.

વસલ્લિ વસલ્લિમ વ બારિક અલૈહ વલહમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

**હદીષ નં. ૨૫** : બયહકી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મેઅરાજની રાત્રે મેં પરવરદિગારે આલમથી અરજ કરી, બારી તઆલા અંબિયાએ કિરામને તેં ફલાણી–ફલાણી ફઝીલતો અતા કરી છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :

''મેં તને તે અર્પણ કર્યું, જે એ સૌથી બેહતર છે, મેં તારા માટે શફાઅત છુપાવી રાખી અને તારા સિવાય બીજાને ન આપી.''

**હદીષ નં. ૨૬** : ઈબ્ને અબી શયૂબા અને તિર્મિઝી (ઘણી જ ફાયદામંદ, વખાણપાત્ર, સિહત સાથે) તથા ઈબ્ને માજહ્ અને હાકિમ હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ થી રિવાયત કરે છે, હુઝૂર શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, ''કયામતના દિવસે હું અંબિયાએ કિરામનો સરદાર, તેમનો ખતીબ અને તેમનો શફાઅત કરનાર હશે અને આ હું કોઈ તકબ્બુર, ઘમંડથી નથી કહેતો.

**હદીષ ૨૭ થી ૪૦** : ઈબ્ને મુનીઅ ઝૈદ બિન અરકમ વગેરે ૧૪ સહાબાએ કિરામથી રિવાયત છે કે હુઝૂર શફીઉલ મુઝનેબીં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

નિઃશંક ! કયામતના દિવસે હું શફાઅત કરીશ, જે એના ઉપર ઈમાન નહીં લાવે તો એના માટે લાયક નહીં હોય.

ઈનકાર કરનાર મિસ્કીન આ હદીષને જુએ અને પોતાની જાન પર રહમ કરી શફાઅતે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم પર ઈમાન લાવે. (સંપૂર્ણ)





# ☆ નઅત શરીફ ☆

**અઝ : ઈમામ અહમદ રઝા બરેલ્વી** رضی اللہ عنہ

નેઅમતે બાંટતા જિસ સમ્ત વો ઝીશાન ગયા
સાથ હી મુન્શીએ રહમતકા કલમદાન ગયા

લે ખબર જલ્દ કે ગૈરોંકી તરફ ધ્યાન ગયા
મેરે મૌલા મેરે આકા તેરે કુર્બાન ગયા

દિલ હૈ વો દિલ જો તેરી યાદ સે મા'મૂર રહા
સર હૈ વો સર જો તેરે કદમોં પે કુર્બાન ગયા

ઉન્હેં જાના ઉન્હેં માના ન રખા ગૈર સે કામ
લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યા સે મુસલમાન ગયા

ઔર તુમ પર મેરે આકાકી ઈનાયત ન સહી
નજદીયો ! કલમા પળ્હાનેકા ભી એહસાન ગયા

આજ લે ઉન કી પનાહ આજ મદદ માંગ ઉનસે
ફિર ન માનેંગે કિયામત મેં અગર માન ગયા

આહ વો આંખ કે નાકામે તમન્ના હી રહી
હાએ વો દિલ જો તેરે દરસે પુર અરમાન ગયા

ઉફ રે મુન્કિર યે બળ્હા જોશે તઅસ્સુબ આખિર
ભીળ મેં હાથ સે કમબખ્ત કે ઈમાન ગયા

જાનો દિલ હોશો ખિરદ સબ તો મદીને પહુંચે
તુમ નહીં ચલતે **રઝા** સારા તો સામાન ગયા

☆★☆★☆


## ★ જલ્વા દિખાતે રહના ★

મેરે સરકાર મદીનેમેં બુલાતે રહના
ગમે દુન્યા ગમે ઉકબાસે બચાતે રહના
કોઈ મુશ્કિલ નહીં ઐસી જો ન ટાલી તુમને
મેરે દાતા મેરી બિગળીકો બનાતે રહના
આજ ફિરસે મુઝે તયૂબહ્કા બનાયા ઝાઈર
મેરી કિસ્મતકો ઈસી તરહ જગાતે રહના
દરે શાહા પે હૈ હાઝિર યે ગુલામ અજમી
લાજ ઈસીકી મેરે મુખ્તાર બચાતે રહના
કોઈ નેકી નહીં દામનમેં મેરે યા મદની
મુઝ સિયાહકારકો સરકાર નિભાતે રહના
કાશ ! જલ્વા જો દિખા દે મેરે આકા મુઝકો
મૈં તો કહ દૂંગા યહી જલ્વા દિખાતે રહના
હશ્રકી પ્યાસ મુઝકો જબ કે પરેશાં કર દે
જામ કૌષરકા મુઝે આપ પિલાતે રહના
વહશતે કબ્રસે ગભરાએ જો 'શાકિર' મૌલા
ઠપકિયાં દે કે ઉસે આપ સુલાતે રહના

## ★ સરકાર રસૂલે અરબી ★

હૈ કરમ આપકા સરકાર રસૂલે અરબી
ફિર દિખાયા યહી દરબાર રસૂલે અરબી
ઐસે આસીકો મદીનેકા બનાયા મેહમાં
જો હૈ સર તા પા ખતાકાર રસૂલે અરબી
ભર દો ભર દો મેરે આકા મેરી ઝોલી ભર દો
કબસે હૂં હાઝિરે દરબાર રસૂલે અરબી
સદકા હસનૈનકા દે દો મેરે આકા મુઝકો
ઉસ કરમકા હૂં તલબગાર રસૂલે અરબી
વાસ્તા પ્યારે રઝાકા તુમ્હેં દેતા હૂં શહા
અપના કહ દો સગે દરબાર રસૂલે અરબી
બખ્તે ખુફ્તહ્કો જગા દો મેરે આકા અબ તો
મૈં ભી હૂં તાલિબે દીદાર રસૂલે અરબી
અર્ઝે 'શાકિર' મેરે આકા હૈ યે વકતે રુખસત
ફિર દિખાના મુઝે દરબાર રસૂલે અરબી

# અહાદીષે શફાઅત



★ લેખક ★

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

★ અનુવાદક ★

જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી (હાલ પ્રેસ્ટન, યુ. કે.)

પ્રકાશક : જમાઅતે રઝાએ મુસ્તફા
બ્લોક નં. ૯૫, રૂમ નં. ૧૬૦૨,
રખિયાલ રોડ, સુન્દરમ નગર સામે,
અહમદાબાદ–૩૮૦૦૨૩